# કચ્છના નિરોણા અને મિરઝાપરમાં રૂ. ૬.૮૪ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરાયું

ગાંધીનગર, તા.૩૧

ગુજરાતનો સૌથી મોટો જિલ્લો કચ્છ બેજોડ પ્રવાસન કેન્દ્રો અને બેનમૂન કલા કારીગરી માટે સમગ્ર ભારત અને વિશ્વભરમાં વિશિષ્ટ ઓળખ ધરાવે છે. રાજ્યમાં પ્રવાસન ઉદ્યોગને વિકસાવવા માટે સરકારના 'ખુશ્બુ ગુજરાત કીહ્વ, 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા' વગેરે જેવા કેમ્પેઈન અને પ્રવાસીઓની સુવિધાઓમાં વધારો કરવાને કારણે દર વર્ષે કચ્છ આવતા પ્રવાસીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના પ્રેરણાદાયી માર્ગદર્શન અને સહયોગથી ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા પ્રવાસીઓની સુવિધામાં સતત વધારો કરતાં વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યાં છે. આ અંતર્ગત ગુજરાતના પ્રવાસન અને મત્સય ઉદ્યોગ મંત્રી જવાહરભાઈ ચાવડા તથા રાજ્યકક્ષાના સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગોનું કલ્યાણ અને પ્રવાસન મંત્રીશ્રી વાસણભાઈ આહીરે આજ રોજ નખત્રાણા તાલુકાનાં નિરોણા ખાતે નવનિર્મીત હસ્તકલા બજારની કામગીરીનું અને ભુજ તાલુકાનાં મિરઝાપર ખાતે પ્રવાસીઓ માટે વેસાઈડ એમેનિટિઝની કામગીરીનું ખાતમુહૂર્ત કર્યું હતું.

કચ્છથી માંડવી બીચ તરફ જવાના માર્ગમાં ભુજ તાલુકાનાં મિરઝાપર ખાતે ગુજરાત પ્રવાસન નિગમની માલિકીની જગ્યામાં પ્રવાસીઓને રાત્રી રોકાણ તેમજ રહેવા-જમવાની, શૌચાલય, પાર્કિંગ, બાળકોને રમવાના બગીચા વગેરે જેવી પ્રાથમિક સુવિધાઓ/સવલતો મળી રહે તે માટે રૂ.૨.૮૪ કરોડના ખર્ચે સુવિધાઓ વિકસાવવાનું આયોજન કરાયું છે. વધુમાં પ્રવાસીઓને હસ્તકળા વિશે વધુ માહિતી અને જાણકારી તથા જાત અનુભવ મળી રહે તે માટે નિરોણા ગામમાં રૂ.૪ કરોડના ખર્ચે હસ્તકલા બજારના નવનિર્માણની કામગીરી શરૂ કરાશે.


ઉલ્લેખનીય છે કે નિરોણા ગામ કોપરબેલ (ખરકી), લેકરવર્ક (લાખા કલા), ચર્મકલા અને વણાટકામ માટે ખુબજ પ્રસિદ્ધ છે. ગામના કલાકારોએ ઘણાં રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરીય એવોર્ડ્સ જીતીને કચ્છનું નામ રોશન કર્યું છે. તેમની આ ઉપલબ્ધિથી કલા કારીગરીમાં રૂચિ ધરવતા પ્રવાસીઓ માટે નિરોણા આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. મિર્ઝાપર ખાતે વેસાઈડ સુવિધાઓના વિકાસથી કચ્છ પ્રદેશમાં દર વર્ષે આવતા લાખો પ્રવાસીઓ માટે ભોજન અને રહેવાની સુવિધા ઉપલબ્ધ બનશે.

વિકાસકાર્યોના ખાતમુહૂર્ત પ્રસંગે કલેકટરશ્રી, નખત્રાણા તાલુકા પંચાયત પ્રમુખ, કચ્છ સાંસદ, ભૂતપૂર્વ ડીરેકટર ટીસીજીએલ તથા જીલ્લા ભાજપ પ્રમુખ કેશુભાઈ પટેલ, જોઈન્ટ મેનેઈંગ ડીરેકટર ટીસીજીએલ શ્રી જી.પી. બ્રહ્મભટ્ટ, ભૂતપૂર્વ ધારાસભ્યશ્રી પ્રદ્યુમનસિંહ જદેડા સાથે સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# મારુ શહેર ગ્રીન સીટી પર ચિત્ર સ્પર્ધા યોજાઈ







ગાંધીનગર, તા.૩૧

આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલના વિદ્યાર્થીઓ માટે 'મારું શહેર ગ્રીન શહેર' થીમ અંતર્ગત એક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બાળકોમાં પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ જળવાઈ રહે તેવા હેતુથી આ ઓનલાઈન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ધોરણ ૧ થી ૬ ના કુલ ૧૪૨ બાળકોએ પોતાની કલ્પનાના રંગો કાગળ પર ઉતાર્યા અને વર્ગદીઠ વિદ્યાર્થીઓના એક ઉત્તમ ઉત્તમ ચિત્રને વિજેતા ઘોષિત કરવામાં આવ્યા હતા. આયોજક આશિષભાઈ વસાવા અને રાજુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સંચાલિત કરાયો હતો.

# જન્મદિને વધામણી


**મનીષાબેન પટેલ**
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના
મો. ૯૮૨૪૧ ૩૨૩૪૪


**લાભશંકર સી રાવલ**
મો. ૮૪૮૮૦ ૯૪૨૬૭


**દામીની રાવલ**
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના
મો. ૭૦૯૯૦ ૯૨૦૨૬


**પોપટલાલ એસ પ્રજાપતિ**
મો. ૯૮૨૫૪ ૫૩૪૮૫


**ભૂમિ જોગાણી**
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમીના
મો. ૯૮૨૫૦ ૧૩૮૨૦


**જયેશ તન્ના**
આસિ. પ્રોફેસર
બીબીએ કોલેજ, ગાંધીનગર
મો. ૯૯૨૪૧ ૧૨૨૭૦


**દેવાલાલ મણિલાલ નાયી**
મો. ૯૯૨૪૭ ૪૬૨૫૬


**ભાવના વ્યાસ**
ભાવના એડ એજન્સી
મો. ૯૮૨૫૦ ૩૯૦૨૪


**લાભુભાઈ જે ગોર**
સૌરાષ્ટ્ર કચ્છ સમાજ


**કાંતિભાઈ પટેલ**
નિવૃત્ત મેનેજર, સર્કિટ હાઉસ
મો. ૯૮૨૪૧ ૩૨૩૪૪


**વીરાભાઈ પી ઠાકોર**
રેડક્રોસ, ગાંધીનગર


**ભારતીબેન જોષી**

# કોવિડ હોસ્પિટલોમાં સતત કોરોનાના દર્દી સાથે ફરજ બજાવતાં કોરોના વોરિયર્સ માટે રાજ્ય સરકારનો મહત્વનો નિર્ણય

**સરકારી હોસ્પિટલમાં ૧૦૦ બેડ હોય ત્યાં ૫ બેડ અને જ્યાં ૧૦૦ કરતાં વધુ બેડ હોય ત્યાં ૧૦ બેડ ડોક્ટરો તથા હેલ્થકેર વર્કર (સરકારી / ખાનગી સહિત) માટે રીઝર્વ રાખવાના રહેશે**

ગાંધીનગર, તા.૩૧


કોરોના વાયરસ COVID-19 ની અસરોને પહોંચી વળવા તેમજ તેને અટકાવવા અને નિયંત્રણની કામગીરી ત્વરિત હાથ ધરી શકાય તે હેતુસર એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૯૭ અન્વયે તા:૧૩-૦૩-૨૦૨૦ના જાહેરનામાથી ધી ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન-૨૦૨૦ લાગુ કરવામાં આવ્યો છે.

પ્રવર્તમાન પરિસ્થિતીમાં કોવિડ-૧૯ના દર્દીઓની સંખ્યામાં દિન-પ્રતિદિન વધારો થતો જાય છે.કોવિડ હોસ્પિટલોમાં સતત કોરોનાના દર્દી સાથે ફરજ બજાવતાં હોસ્પિટલના સ્ટાફને પણ કોવિડ-૧૯ ના સંક્રમણનું જોખમ રહેલું છે.કોરોના વોરિયર્સ તરીકે રાત-દિવસ ખંતથી કાર્ય કરતા તમામ સ્ટાફને પોતાની ફરજો બજાવવા પ્રોત્સાહન મળી રહે અને ઉત્સાહ જળવાઈ રહે તે માટે જે સરકારી હોસ્પિટલમાં ૧૦૦ બેડ હોય ત્યાં ૫ બેડ અને જ્યાં ૧૦૦ કરતાં વધુ બેડ હોય ત્યાં ૧૦ બેડ ડોક્ટરો તથા હેલ્થકેર વર્કર ( સરકારી / ખાનગી સહિત ) માટે રીઝર્વ રાખવાના રહેશે એમ રાજયના આરોગ્ય વિભાગની યાદીમાં જણાવાયું છે.


આ રીઝર્વ રખાયેલ બેડમાં જ્યારે પણ મેડીકલ/પેરામેડીકલ સ્ટાફ આવે ત્યારે અગ્રીમતાના ધોરણે બેડ ફાળવવાના/આપવાના રહેશે પરંતુ જો તેઓ આવેલ ન હોય અને બેડ ખાલી હોય તો સામાન્ય પ્રજાજન/દર્દીને બેડ ફાળવવાના રહેશે.આ બેડ રીઝર્વ રાખવા અંગે સબંધિત જિલ્લાના કલેક્ટરના પરામર્શમાં રહી કાર્યવાહી હાથ ધરવાની રહેશે એમ વધુમાં જણાવાયું છે.

**સચેત રહો સુરક્ષિત રહો**

# એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓએ ઓનલાઇન રંજકદ્રવ્યોની પર્ણપોથી તૈયાર કરી






ગાંધીનગર, તા.૩૧

સર્વ વિદ્યાલય કન્યા કેળવણી મંડળની એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની ધોરણ ૭ ની વિદ્યાર્થીનીઓએ વિજ્ઞાન વિષયની પ્રવૃત્તિના ભાગરૂપે વિવિધ રંગના રંજકદ્રવ્યો ધરાવતી પર્ણપોથીનો આલ્બમ અને વિડીયો બનાવ્યા છે. વિદ્યાર્થીનીઓમાં સતત નવું કરવાની જીજ્ઞાસા વધારવા આ કાર્યક્રમ હાથ ધરાયો હતો. કુલ ૩૫ વિદ્યાર્થીનીઓએ રંજકદ્રવ્યો અને તેનું પ્રકાશ સન્સલેષણમાં મહત્વ એ બાબતની સમજ પ્રાપ્ત કરી હતી.

શાળાના શિક્ષિકા શિલ્પાબેન ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ આ પર્ણપોથી તૈયાર થઈ હતી. શાળાના આચાર્ય નીરુબેન પટેલે આ પ્રવૃત્તિ બદલ વિદ્યાર્થીનીઓને અભિનંદન સાથે શુભકામનાઓ પાઠવી હતી.

# લાયન્સ કલબ ગાંધીનગર દ્વારા માસ્ક વિતરણ કરાયું




ગાંધીનગર, તા.૩૧

લાયન્સ કલબ ગાંધીનગર દ્વારા સેકટર-૨૪ શાકમાર્કેટના વેપારીઓને માસ્કનું વિતરણ લાયન્સ વિવેકસિંહ ચૌહાણના જન્મદિવસ નિમિત્તે કરવામાં આવ્યું હતું. એમાં અંદાજે ૩૦૦ માસ્કનું વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમ માટે આર્થિક સહયોગ લાયન વિવેકસિંહ ચૌહાણ દ્વારા આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં લાયન્સ કલબ પ્રમુખ તેમજ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. વેપારીઓને માસ્ક ફરજિયાત પહેરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

# મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી બાવળાની મુલાકાતે

**વૃક્ષારોપણ કરી શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજને અપાઈ શ્રદ્ધાંજલિ**



ગાંધીનગર, તા.૩૧

શ્રી સ્વામિનારાયણ ભગવાનના પંચમ વારસદાર શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજે મનુષ્ય લીલા સંકેલી લીધા પછી તેમના ઉત્તરાધિકારી શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી આચાર્ય પદે સેવા સ્વીકાર્યા પછી સૌપ્રથમ વખત બાવળા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી સ્વામિનારાયણબાપા સ્વામીબાપાનાં દર્શને પધારતા ભક્તોમાં આનંદની લાગણી જોવા મળી હતી. આ પ્રસંગે બાવળા મંડળ તરફથી શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજને દિવ્ય સ્મરણાંજલિ અર્પણ કરવામાં આવી હતી. અને સમગ્ર વિશ્વમાં ચાલી રહેલી કોરોના મહામારી જલ્દી થી દૂર થાય તે નિમિત્તે પ્રાર્થના કરવામાં આવી હતી.આ પ્રસંગે આચાર્ય શ્રી જિતેન્દ્રિપ્રિયદાસજી સ્વામીજી મહારાજે તથા મહંત શ્રી ભગવતપ્રિયદાસજી સ્વામીએ 'વિશ્વ પ્રકૃતિ દિવસ' નિમિત્તે વૃક્ષારોપણ કરી શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# ડાયમંડ અને જ્વેલરી ક્ષેત્રે આગળ વધવા માટેના કોર્સ વિષે માહિતી આપશો



**કરિયર કોર્નર**
કારકિર્દી માર્ગદર્શન પ્રશ્નમંચ
**હાર્દિક કે પરીખ**

નમસ્કાર. "કરિયર કોર્નર" કૉલમ ને વાચકમિત્રો તરફ થી ખૂબ જ સારો પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે. વિદ્યાર્થીઓ, વાલીઓ અને દરેક વાચકમિત્રો ને કરિયર વિષે અને કરિયર ને લગતા વિવિધ વિકલ્પોની માહિતી આપવી એજ અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે.આપના કરિયરને લગતી કોઈ પણ મૂંઝવણ હોય એને દૂર કરવાનો અમે સતત પ્રયાસ કરીએ છીએ.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો: facebook.com/HardikParikhOfficial પર.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉંમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

**૧. હું ધોરણ ૧૧ સાયન્સમાં અભ્યાસ કરું છું. અને ધોરણ ૧૨ પછી લેવાતી એન.ડી.એની પરીક્ષા પણ આપવી છે. સ્કૂલના અને ટ્યુશનના ઓનલાઈન ક્લાસ બાદ પૂરું વાંચન કરી શકાતું નથી. ટાઈમ મેનેજમેંટ કઈ રીતે કરવું?**

**- અરનબ ખોપકર, ગાંધીનગર**



તમારી તમારા કરિયર વિષેની જાગૃતતા જોઈને ઘણો આનંદ થાય છે. સૌપ્રથમ, તમે જણાવેલી સમસ્યા તમારા એકલાની નથી. તમારા જેવા લાખો વિદ્યાર્થીઓ જે ૧૧ તથા ૧૨માં ધોરણની પરીક્ષા આપી રહ્યા હોય છે તેમને આ જ સવાલ છે. ટાઈમનું મેનેજમેંટ કેવી રીતે કરવું? આનો જવાબ ખૂબ સરળ છે. અને તે છે "ધ્યેય". તમારો ધ્યેય નક્કી કરો. તમારે શું કરવું છે કરિયરમાં. શું તમારે એંજીનિયર બનવું છે આઈ.આઈ.ટી.માં થી? શું તમારે ૧૨માં પછી આઈ.આઈ.એમ.માં જવું છે? શું તમારે સંરક્ષણ ક્ષેત્રે આગળ વધવું છે? જે પણ તમારો ધ્યેય હોય તે નક્કી કરો. તે નક્કી કર્યા પછી તમારા દિવસનો મોટાભાગનો સમય તમારા ધ્યેય સુધી પોહચવામાં લગાવી દો. સ્કૂલમાં જે ભણાવતા હોય તેના પર ધ્યાન આપો. સ્કૂલ સમય સિવાયના સમયમાં તમારા ધ્યેય તરફ આગળ વધો. દરેક વિષય નું પ્લાનિંગ કરો. જેમ કે દિવસનો કેટલો સમય તમે રસાયણ વિજ્ઞાનને આપશો, કેટલો ગણિતને આપશો, કેટલો ટાઈમ આપ એન.ડી.એ પાછળ આપશો? અને આવી જ રીતે બધા વિષયો વાંચવાનું એક પ્લાનિંગ કરો. અઠવાડીયામાં કેટલા ચેપ્ટર પૂરા કરશો તેનું પણ પ્લાનિંગ કરો. આવું કરવાથી તમારી તૈયારી એક ચોક્કસ દિશામાં થશે અને તમને તમારા ધ્યેય તરફ આગળ વધારશે. જે પ્લાનિંગ કરો એમાં થોડો સમય અડધો કલાક જેટલો, થોડા-થોડા અંતરે, તમે રિલેક્સ અને ફ્રેશ રહો એના માટે પણ ફાળવજો. અને આ બધા ટાઈમ મેનેજમેંટનો કોઈ મતલબ નહીં રહે જો તમે તમારા પ્લાનિંગને અમલમાં નહીં મૂકો! એક નિયમ બનાવી લેજો, જ્યાં સુધી દિવસનું નક્કી કરેલું કામ પૂરું ના થાય ત્યાં સુધી મંડ્યા રહેવાનુ. આ રીતે તમારો ટાઈમ ખૂબ સારી રીતે મેનેજ થશે અને તમે તમારા ધ્યેય ને સરળતાથી પ્રાપ્ત કરી શકશો. એટલું જરૂર યાદ રાખજો કે જો તમે મક્કમ હોવ, તો કોઈપણ વસ્તુ અશક્ય નથી અને પ્લાનિંગ સાથે કોઈ પ્રેશર નથી! શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે.

**૨. મને ડાયમંડ અને જ્વેલરી ક્ષેત્રમાં અને ખાસ કરીને જ્વેલરી ડિઝાઇનમાં રસ છે?એના માટે કોઈ કોર્સ કરી શકાય? શું હું આ ક્ષેત્રે આગળ વધી શકું?**

**- રચના મોદી, સુરત**



જી બિલકુલ આપ આ ક્ષેત્રે ચોક્કસ આગળ વધી શકો છો. જ્વેલરી ડિઝાઈનર બનવા માટે આવશ્યક જ્ઞાન હોવું જરૂરી છે આ રીતે આ ક્ષેત્રમાં સફળ થવા માટે ઉમેદવારો પાસેની કેટલીક લાક્ષણિકતાઓ હોવી જરૂરી છે જેમ કે સારી વાતચીત, કુશળતા, સર્જનાત્મકતા, વિઝ્યુઅલ કલ્પના, નવીનતા તથા હાલના બજાર પૂરતું જ્ઞાન અને વિવિધ ધાતુઓ અને રત્નો નું જતન જેવા કૌશલ્યો હોવા જરૂરી છે.અને આપ સુરતમાં રહો છો તો આપના શહેરમાં આ બિઝનેસ મોટા પાયે વિકસેલ છે.તો આપ આ ક્ષેત્રે ચોક્કસ આગળ વધી સફળતા પ્રાપ્ત કરી શકો છો.અને અભ્યાસની વાત કરીએ તો સુરત અને બીજા શહેરોમાં પણ આપ ડાયમંડ ઈન્સ્ટિટ્યૂટમાં જોડાઈ શકો છો.જ્યાં જેમ્સ અને જ્વેલરી ક્ષેત્રે મહત્વના અભ્યાસક્રમોનો સમાવેશ થયેલ છે.જેમકે ડાયમંડ ક્ષેત્રે આપ ધોરણ ૧૨ની લાયકાત સાથે ડિપ્લોમા ઈન પ્રોફેશનલ ડાયમંડ ગ્રેડરનો આશરે ૨૦ સપ્તાહનો કોર્સ કરી શકો છો.અથવા જેવલરી ક્ષેત્રે આપ સ્નાતક કક્ષાનો કોર્સ 'ગ્રેજ્યુએટ જ્વેલરી પ્રોફેશનલ' નામનો કોર્સ પણ કરી શકો છો.જે ત્રણ વર્ષ માટેનો હોય છે.આ સિવાય જ્વેલરી ડિઝાઈન, કટિંગ , પોલીશિંગ, સેટિંગ અને કાસ્ટિંગ જેવા ક્ષેત્રમાં આગળ વધી શકો છો.ત્યારબાદ આપ વધુ ઊંડાણ પૂર્વક અભ્યાસ કરવા માંગતા હોય તો માસ્ટર ઈન જેમ્સ એન્ડ જ્વેલરી સ્ટડી અને પી.એચ.ડી સુધીના અભ્યાસક્રમ પણ કરી શકો છો.આ અભ્યાસ કર્યા બાદ આપ ગુજરાત તથા ભારતની કોઈ પણ સારી ડાયમંડ ઈન્ડસ્ટ્રીમાં જોડાઈ શકો છો અથવા આપનો પોતાનો બિઝનેસ પણ શરૂ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે.

**૩. હું હાલ ધોરણ૧૨ માં અભ્યાસ કરું છું.સ્ટાફ સિલેકસન કમિશન વિષે માહિતી આપશો.**

**- અવિ પટેલ, વિસનગર**

સ્ટાફ સિલેકશન કમિશનને સરકારી નોકરીઓનું "પ્રવેશદ્વાર' પણ ઘણા મિત્રો કહે



છે. અગાઉ આ એસ.એસ.સી દ્વારા ધો-૧૦ પાસ તથા સ્?નાતક થયેલ મિત્રો માટે ૮-૯ જેટલી અલગ અલગ સ્?પધાત્મક પરીક્ષાનું આયોજન થતું હતું. આમ ધોરણ ૧૦ પાસ થયેલા મિત્રો સ્?ટાફ સિલેકશનની બે-ત્રણ સ્?પર્ધાત્?મક પરીક્ષાઓ માટે અલગ અલગ ફોર્મ ભરતા હતા, અલગ અલગ પરીક્ષાઓ આપતા હતા. સ્?નાતક મિત્રોને પણ આ જ વાત લાગુ પડતી હતી. એક જ ઉમેદવાર ત્રણ-ચાર અલગ અલગ સ્પર્ધાત્મક પરીક્ષાઓનું ફોર્મ ભરેતે સંજોગોમાં એસ.એસ.સી. નું કામ પણ વધતું હતું. આ બધા સંજોગો ધ્યાનમાં લઈ સ્ટાફ સિલેકશન કમિશન દ્વારા છેલ્?લા થોડા વર્ષો મેટ્રિક લેવલની બધી જ પોસ્?ટ માટે એક કમ્બાઈન પ્રિલિમનરી એકઝામ (સી.એસ.એસ.એલ) અને ત્યારબાદ ફાઈનલ એકઝામ લેવામાં આવે છે. તે જ રીતે સ્નાતક લેવલની બધી જ પોસ્ટ માટે પણ એક જ પરીક્ષા (સી.જી.એલ) બે તબક્કાઓમાં પ્રિલિમિનરી એકઝામ અને ત્યાર બાદ ફાઈનલ એકઝામ લેવામાં આવે છે. તે જ રીતે સ્નાતક લેવલની બધી જ પોસ્ટ માટે પણ એક જ પરીક્ષા બે તબક્કાઓમાં - પ્રિલિમિનરી અને ફાઈનલ લેવામાં આવે છે. યાદ રહે, એસ.એસ.સી. દ્વારા કેન્દ્ર સરકારના વર્ગ-૩ કક્ષાના કર્મચારીઓની ભરતી થાય છે. જ્યારે યુ.પી.એસ.સી વર્ગ -૧ અને વર્ગ -૨ કક્ષાના અધિકારીઓની ભરતી કરે છે. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે.

આપના પ્રશ્નો અને સૂઝવો અમને અહી મોકલી આપો: ઈમેલ:questions.career corner@ mail.com વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercorner